# શ્રમ અને રોજગાર વિભાગઃ માંગણી ક્રમાંક- ૫૭

**માનનીય અધ્યક્ષશ્રી,**

- અમારી સરકાર રાજ્યના યુવાનો તથા શ્રમયોગીઓના કલ્યાણ માટે સતત ચિંતીત રહે છે.
- ગુજરાત રાજ્ય આખા દેશમાં **આર્થિક વિકાસ થકી** એક **મોડેલ રાજ્ય** બની રહેલ છે તેવા સંજોગોમાં આપણા **યુવાધનને** રાજ્યની **આર્થિક** તથા **સામાજીક** પ્રગતિમાં **ભાગીદાર બનાવી** તેમને વિકાસના લાભો આપવા રાજ્યનો શ્રમ, કૌશલ્ય વિકાસ અને **રોજગાર વિભાગ કાર્યશીલ છે.**

શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ જુદી જુદી પાંખ કાર્યરત છે.જેની વાત કરું તો,

- **શ્રમ આયુકત તંત્રઃ-** શ્રમ કાયદાના અમલીકરણ અને શ્રમ તંત્ર હેઠળના બાંધકામ **શ્રમયોગી બોર્ડ**, **સામાજીક સુરક્ષા** બોર્ડ, **ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ** અને **શ્રમયોગી કલ્યાણ બોર્ડ** કાર્યરત છે. જે શ્રમયોગીઓ માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ ચલાવે છે.
- **રોજગાર અને તાલીમ પાંખઃ-** રાજયના યુવાનોને **રોજગારીની તકો** ઉપલબ્ધ કરવામાં તથા **આઇ.ટી.આઇ.** મારફત યુવાધનને તાલીમબધ્ધ કરવાની કામગીરી કરે છે.
- **નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યઃ-** રાજયમાં **કારખાના ધારા** હેઠળ **કારખાનાઓની નોંધણીની** કામગીરી અને **શ્રમિકોની સલામતી** અને **સ્વાસ્થ્ય** માટે કામગીરી કરે છે.
- **બોઇલર પાંખઃ-** રાજયના ઉદ્યોગોના **બોઇલરોની સલામતી** માટે અને ઉદ્યોગોના **જાનમાલની સલામતી** માટે કાર્ય કરે છે.
- **કૌશલ્યા સ્કીલ યુનિવર્સીટીઃ-** **ઉદ્યોગોને જરૂરી સ્કીલ (કૌશલ્ય)** વિકસાવવા માટે આધુનિક અભ્યાસક્રમો ચલાવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,** **(શ્રમ આયુકત તંત્ર)**

**શ્રમ કાયદાના અમલીકરણ અને શ્રમિકોના કલ્યાણ માટેની વાત કરું તો,**

- ઔદ્યોગિક વિકાસની હરણફાળને કારણે ઉદ્યોગો અને કારખાનાઓની સંખ્યા વધી છે. ઉદ્યોગ સાહસિકો એટલે કે ઉદ્યોગોના માલિકો અને શ્રમીકો વચ્ચે **સુમેળભર્યું** વાતાવરણ જળવાઇ રહે, શ્રમ **કાયદાઓનું અસરકારક અમલીકરણ** થાય અને **ઔદ્યોગિક શાંતિ** જળવાઇ રહે તે જરૂરી છે.
- આ માટે શ્રમ તંત્રને મજબૂત કરવા સરકાર કટીબધ્ધ છે. વર્ષ ૨૦૧૯ માં ફેક્ટરીઓની **સંખ્યા ૩૫,૩૩૮ (પાત્રીસ હજાર ત્રણસો આડત્રીસ)** હતી. જે વધી ને વર્ષ **૨૦૨૩માં ૪૯ હજારથી** વધુ થઈ છે. ઉપરાંત શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ અધિનિયમ હેઠળ **અંદાજીત ૬.૫૦ લાખ (છ લાખ પચાસ હજાર)** જેટલી સંસ્થાઓ નોંધાયેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- શ્રમ કાયદાઓની અમલવારીના ભાગરૂપે રાજ્યના શ્રમ તંત્ર દ્વારા વર્ષ ૨૦૨૩ દરમિયાન અનેક શ્રમ કાયદા હેઠળ **૫૯,૬૧૮ (ઓગણસાહીઠ હજાર છસો અઢાર) નિરીક્ષણો** કરવામાં આવેલ છે.
- શ્રમ કાયદાઓની જોગવાઇઓના ભંગ બદલ **૩,૬૭૫ (ત્રણ હજાર છસો પંચોતેર) ફોજદારી કેસો** કરવામાં આવેલ છે અને તે સબબ નામદાર અદાલત દ્વારા **રૂ. ૨.૦૫ કરોડની રકમ** વસૂલ કરવામાં આવેલ છે.
- લઘુતમ વેતન **અધિનિયમ, ૧૯૪૮** હેઠળ **૧૨,૨૩૬ (બાર હજાર બસો છત્રીસ) શ્રમયોગીઓને રૂ. ૧૨.૬૪ કરોડ** લઘુતમ વેતનના તફાવત પેટે ચુકવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- બોનસની રકમ સમયસર મળી રહે તે માટે શ્રમ આયુકતની કચેરી દ્વારા આગોતરી કાર્યવાહી હાથ ધરી સઘન પ્રયત્નો કરવામાં આવેલ.

- બોનસ ચુકવણી અધિનિયમ -૧૯૬૫ હેઠળ વર્ષ: ૨૦૨૨-૨૩ માં રાજ્યમાં **૬૨૩૦ (છ હજાર બસો ત્રીસ)** સંસ્થાઓમાં **કુલ-૧૦,૬૭,૬૫૯ (દસ લાખ સડસઠ હજાર છસો ઓગણસાઠીઠ)** શ્રમિકોને **રૂ. ૧૩૧૫.૯૩ કરોડની** રકમ બોનસ તરીકે ચૂકવણી કરવામાં આવેલ છે.
- **જે અત્યાર સુધીમાં બોનસ પેટે ચૂકવાયેલ સૌથી વધુ રકમ છે. ગુજરાત રાજય માટે આ ગર્વ લેવાની બાબત છે.**

**માનનીય અધ્યક્ષશ્રી**

- સૌથી વધુ શ્રમયોગીઓ **અસંગઠિત ક્ષેત્રમાં** કામ કરે છે. તમામ અસંગઠિત શ્રમિકોને ઓળખ મળે તે માટે **ભારત સરકારના ઈ-શ્રમ પોર્ટલ** પર **નોંધણીની** ઝુંબેશના પરિણામે અત્યાર સુધી ગુજરાત રાજયના **આશરે ૧ કરોડ ૧૫ લાખથી વધુ શ્રમિકોની નોંધણી** કરવામાં આવેલ છે અને **નોંધણી પ્રક્રિયા સતત** ચાલુ જ છે.
- શ્રમિકોના હિતાર્થે તેમના પ્રશ્નોને લગતું માર્ગદર્શન, ફરીયાદોની ઝડપી નોંધણી અને નિકાલ તથા શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકના તમામ બોર્ડ, હેઠળ શ્રમિકોની નોંધણી તેમજ યોજનાઓની માહિતી ઉપલબ્ધ કરાવવા માટે જી.વી.કે (GVK) મારફત શ્રમિક **સહાયક હેલ્પલાઈન "૧૫૫૩૭૨"** ની સુવિધા **શ્રમ આયુક્તની કચેરી દ્વારા કાર્યરત** છે.
- શ્રમિક સહાયક હેલ્પલાઈન ઉપર તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા-૩૧/૦૧/૨૦૨૪ સુધીમાં **કુલ ૧૦,૭૬૦ કોલ મળેલ** છે. જે તમામ કોલ ને **યોગ્ય પ્રતિસાદ આપી** શ્રમયોગીઓના **પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ** કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- માન. વડાપ્રધાનશ્રીના **કન્યા કેળવણીના** અભિગમના પરિણામ સ્વરૂપે મહિલા શ્રમિકોની ભાગીદારીમાં ગત વર્ષોની સરખામણીમાં ગુજરાતે **૧૫ મા સ્થાનેથી આગળ વધીને ૬ ઠ્ઠો ક્રમ પ્રાપ્ત કર્યો છે.**

- પૂરૂષ શ્રમિકોની ભાગીદારીમાં **દેશમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત** કરેલ છે. જે વિભાગના **સર્વગ્રાહી અભિગમને** આભારી છે.

**માનનીય અધ્યક્ષશ્રી (ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ)**

- સરકાર દ્વારા બાંધકામ ક્ષેત્રે વસુલ કરેલ સેસની રકમમાંથી બાંધકામ શ્રમયોગીઓ તથા તેમના પરિવારજનોના કલ્યાણ માટે અનેક યોજનાઓ અમલમા મુકેલ છે.
- આ માટે બાંધકામ શ્રમયોગીઓની નોંધણી કરી તેઓને ઈ- નિર્માણ કાર્ડ આપવામાં આવે છે.
- વર્ષ: ૨૦૨૨ સુધી આવા **ઈ-નિર્માણ** કાર્ડ ધારકોની સંખ્યા **૨.૫૧ લાખ** હતી. સરકારની અસરકારક કામગીરીના લીધે વધીને **૩૧ જાન્યુઆરી ૨૦૨૪ના અંતે ૮.૮૫ લાખ** થયેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- બાંધકામ શ્રમિકો મોટા ભાગે **ગ્રામ્ય** વિસ્તારના હોય છે. **મોટા શહેરોમાં** શ્રમિકો રોજગારી મેળવવવા આવે છે. તેઓ વહેલી સવારે રોજગારી માટે **કડીયાનાકા** ઉપર આવે છે અને ક્યારેક કડીયાનાકા ઉપર **નાસ્તો કરીને જ આખો દિવસ ચલાવતા** હોય છે, જેથી તેઓને પોષણયુક્ત આહાર મળતો નથી.
- કડીયાનાકા ઉપરથી શ્રમિકોને **રાહત દરે પોષણક્ષમ** તથા **સાત્વિક ભોજન** આપવા માટે **શ્રમિક અન્નપુર્ણા યોજના** અમલમાં મુકવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માં **શ્રમિક અન્નપુર્ણા યોજના** અંતર્ગત શ્રમિક ફાળાની રકમ **રૂ.૧૦/-માંથી ઘટાડી રૂ.૫/-** કરવામાં આવેલ છે.
- વર્ષ: ૨૦૨૩-૨૦૨૪માં **નવા ૧૫૦ ભોજન** વિતરણ કેન્દ્રો શરૂ કરેલ છે. હાલમાં રાજ્યના **૧૭ જીલ્લામાં કુલ ૨૭૮ ભોજન વિતરણ** કેન્દ્ર કાર્યરત છે. આ યોજના હેઠળ દરરોજ **૪૦,૦૦૦(ચાલીસ હજાર)** થી વધુ શ્રમિકો ભોજન મેળવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- વર્ષ: ૨૦૨૪-૨૫ નાં બજેટમાં **૧૦૦ નવા ભોજન વિતરણ કેન્દ્રો** શરૂ કરવા તેમજ હાલના **૨૭૮ ભોજનવિતરણ કેંદ્રોને** ચલાવવા માટે **૧૩૧ કરોડની જોગવાઈ** કરેલ છે. જે માટે માન.મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર માનું છું.
- આ યોજના અંતર્ગત વર્ષ: ૨૦૨૩-૨૦૨૪માં કુલ **૧૪૦ લાખથી વધુ ભોજન વિતરણ** કરવામાં આવેલ છે જે અંતર્ગત **કુલ રૂ. ૩૯ કરોડ** નો ખર્ચ થયેલ છે. તેમજ અત્યાર સુધીમાં **કુલ ૨૬૭ લાખ ભોજન વિતરણ** થયેલ છે જેમાં **કુલ રૂ. ૧૦૫ કરોડથી** વધુ ખર્ચ થયેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- બાંધકામ શ્રમિકોને **તાવ, ઝાડા-ઉલટી, ચામડીના રોગો** જેવા **સામાન્ય રોગસહિત પ્રાથમિક ઇજાઓમાં** સારવાર તથા **પેશાબ, લોહી, બ્લડસુગર, મેલેરીયા** જેવી લેબોરેટરી તપાસ તેમજ તેમના **પરિવારની મહિલા** અને **બાળકોની પ્રાથમિક સારવાર** કરવામા આવે છે.
- **સગર્ભા મહિલાઓ** ને **પ્રાથમિક સારવાર** સહિત અમુક નિદાન સ્થળ પર જ કરવામાં આવે છે તથા સ્થળ પર જ **નિશુલ્ક દવાઓ** પણ આપવામાં આવે છે.
- હાલ **કુલ ૧૫૪ ધન્વંતરી આરોગ્ય રથ** કાર્યરત છે. આ યોજના અંતર્ગત વર્ષ: ૨૦૨૩-૨૪માં **૨૬ લાખથી વધુ ઓ.પી.ડી.** થયેલ છે તેમજ કુલ **૨૧ કરોડથી વધુ ખર્ચ થયેલ** છે. અત્યાર સુધીમાં આ યોજના હેઠળ **કુલ ૮૦ લાખથી વધુ ઓ.પી.ડી.** થયેલ છે તેમજ **કુલ રૂ. ૯૩ કરોડથી** વધુ ખર્ચ થયેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- સને ૨૦૨૩-૨૪ નાં બજેટમાં આ યોજનાનો વ્યાપ વધારીને **નવા ૫૦ રથો મંજૂર** કરેલ છે. **નવા ૫૦ રથ** દ્વારા ૩૩ જીલ્લાના તાલુકા તથા ગામમાં બાંધકામ શ્રમિકો સુધી પ્રાથમિક સારવાર પહોંચાડવામાં આવશે. ઉક્ત યોજનાના અમલીકરણ માટે **રૂ. ૫૯ કરોડના ખર્ચની જોગવાઇ** કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- નોંધાયેલા બાંધકામ શ્રમિકના બાળકો **સરકાર માન્ય ખાનગી** કે **સરકારી નિવાસી શાળામાં રહીને અભ્યાસ કરી** શકે તે માટે તેવા બાળકોને **વર્ષની ભરેલ કુલ ફીના ૧૦૦% રકમની** સહાય આપવા માટે **વર્ષ ૨૦૨૪-૨૫** માં નિવાસી શિક્ષણ સહાય યોજનાના અમલીકરણ માટે **૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ** છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- બાંધકામ શ્રમિકોને **કડિયાનાકાની** નજીક **પ્રાથમિક સગવડવાળા કામચલાઉ આવાસોમાં ભાડેથી** રહેવાની સુવિધા પૂરી પાડવા **"શ્રમિક બસેરા"** યોજના અમલમાં છે આ યોજના અંતર્ગત માત્ર **પાંચ રૂપિયા પ્રતિ દિન પ્રતિ શ્રમિક** ભાડાના દરથી શ્રમિકોને રહેવાની સુવિધા પૂરી પાડવામાં આવશે.
- લાભાર્થી શ્રમિકના **૦૬ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો માટે કોઈ ભાડું લેવામાં આવશે નહી.** હાલમાં **અમદાવાદ મહાનગરપાલિકા** વિસ્તારમાં **છ સાઇટ માટે પાઈલોટ પ્રોજેક્ટ** તરીકે નિવિદા આપેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી, (ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ, સામાજીક સુરક્ષા બોર્ડ અને ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ)**

- સંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ અને તેમના આશ્રિતોને **પ્રાથમિક સારવાર** મળી રહે તે હેતુસર **મોબાઈલ મેડિકલ વાન** અમલમાં છે. આ યોજના હેઠળ **શ્રમયોગીઓ** અને તેમના **આશ્રિતોને વિના મૂલ્યે પ્રાથમિક સારવાર** તથા દવાઓ આપવામાં આવે છે.
- હાલમાં આ યોજના અન્વયે **૧૯ મોબાઈલ મેડીકલ વાન** કાર્યરત છે. જેના થકી **૫,૪૨,૬૬૪ (પાંચ લાખ બેતાલીસ હજાર છસો ચોસઠ)** કામદારોએ લાભ મેળવેલ છે. આ યોજનાને ખૂબ જ **સારો પ્રતિસાદ મળ્યો છે. ચાલુ નાણાંકીય વર્ષમાં વધુ છ મોબાઇલ મેડિકલ વાન** ખરીદવામાં આવશે. જે અન્વયે **વર્ષ ૨૦૨૪-૨૫** ના બજેટમાં **કુલ રૂ.૭.૮૫ કરોડની** જોગવાઈ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- સંગઠિત ક્ષેત્રના **શ્રમયોગીઓના બાળકોને** પ્રોત્સાહન મળી રહે અને **ઉચ્ચ અભ્યાસ** કરવા માટે પ્રેરિત થાય તેવા હેતુસર **શૈક્ષણિક પુરસ્કાર યોજના** અમલમાં છે. જેમાં **વર્ષ ૨૦૨૩-૨૪માં ૩,૧૫૮ લાભાર્થીઓએ** લાભ લીધેલ છે. આ યોજના માટે વર્ષ **૨૦૨૪- ૨૫માં રૂ.૧.૧૨ કરોડ** ની જોગવાઈ  કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- ગુજરાત રાજ્યમાં **ગ્રામીણ અને શહેરી** અસંગઠીત શ્રમયોગીઓના કલ્યાણ માટે **ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ** દ્વારા અનેકો કલ્યાણકારી યોજનાઓ અમલમાં છે
- **ગુજરાત સામુહિક જુથ (જનતા) અકસ્માત યોજના** અંતર્ગત **અકસ્માતથી મૃત્યુ કે કાયમી અપંગતા**ના કિસ્સામાં **રૂપિયા એક લાખની** જોગવાઇ છે તથા **અકસ્માતે આંશિક અપંગતાના** કિસ્સામાં **રૂપિયા પચાસ હજારની** ની જોગવાઇ છે.
- **સામાજિક સુરક્ષાનો** વિશેષ લાભ મળી રહે તે હેતુથી **સહાયની રકમ ૧ લાખથી વધારીને રૂ. ૨.૦૦ લાખ કરવા** અને અકસ્માતે આંશિક અપંગતાના કિસ્સામાં **રૂ.૫૦ હજારથી વધારીને રૂ. ૧.૦૦ લાખ કરવા** અર્થે રૂ. ૫.૪૦ કરોડની **નવી બાબતની** જોગવાઇ  કરવામાં આવેલ છે.
- આ યોજના હેઠળ **વર્ષ ૨૦૨૩-૨૪(જાન્યુ.૨૪ અંતિત)માં ૨૭૫ લાભાર્થીઓને** રૂ. **૨.૭૫ કરોડ સહાય** ચુકવવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- **ગ્રામીણ તથા શહેરી** વિસ્તારના **અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ** માટે (બાંધકામ શ્રમયોગીઓ અનુસુચિત જાતિ સિવાય) માટે **મરણોત્તર ક્રિયા માટે સહાય** (અંત્યેષ્ઠિ સહાય) આપવા માટેની યોજના ચાલે છે. હાલ **અંત્યેષ્ઠી સહાયની રકમ રૂ. ૫૦૦૦/- (પાંચ હજાર)** છે.
- શ્રમિકોને આ યોજના અંતર્ગતની સહાયમાં વધારો કરીને વર્ષ **૨૦૨૪-૨૫થી રૂ.૧૦,૦૦૦/- (દસ હજાર) કરવા અર્થે રૂ.૨.૨૭ કરોડની નવી બાબતની** જોગવાઇ કરવામાં આવેલ છે.

- આ યોજના હેઠળ **વર્ષ ૨૦૨૩-૨૪ (જાન્યુ.૨૪ અંતિત)** માં **કુલ-૨,૯૨૫ (બે હજાર નવસો પચ્ચીસ)** લાભાર્થીઓને **રૂ.૧.૪૬ કરોડ સહાય** ચુકવવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજ્યના **અકિક વ્યવસાયમાં** રોકાયેલા સ્વાશ્રયી વ્યવસાયિકોનું **વ્યવસાયલક્ષી ગંભીર રોગ સિલિકોસીસથી** અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને આર્થિક સહાય અંગેની સુરક્ષા યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ થી સહાયની **રકમ રૂ. ૧.૦૦ લાખથી વધારીને રૂ. ૪.૦૦ લાખ** કરવા અર્થે **રૂ.૦.૭૫ કરોડની** નવી બાબતની **જોગવાઇ કરવામાં આવેલ છે.**
- આ યોજના હેઠળ **વર્ષ ૨૦૨૩-૨૪ (જાન્યુ.૨૪ અંતિત) માં ૨૧** લાભાર્થીઓને **રૂ. ૨૧ લાખ સહાય** ચુકવવામાં આવેલ છે.

- રાજ્યના અસંગઠિત શ્રમયોગીઓ માટે અનેક કલ્યાણકારી અમલી યોજનાઓ હેઠળ **સામાજિક સુરક્ષાના** ભાગરૂપે વર્ષ: ૨૦૨૩-૨૪માં નાણાંકીય બજેટ જોગવાઈ **રૂ. ૯.૯૦ કરોડ** કરવામાં આવેલ હતી જે વધારીને **વર્ષ:૨૦૨૪-૨૫માં રૂ.૧૮.૮૫ કરોડ કરવામાં આવેલ છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,** **(નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય)**

- **રાજયમાં કારખાના ધારા** હેઠળ **કુલ ૪૯,૨૩૮ (ઓગણપચાસ હજાર બસો આડત્રીસ)** કારખાનાઓ નોંધાયેલ છે, જે પૈકી **૧,૩૧૯ કારખાનાઓ** વર્ષ ૨૦૨૩માં નવા નોંધાયેલ છે. જેમાં **આશરે ૨૨.૫૪ લાખ શ્રમયોગીઓ** કામ કરે છે.
- કારખાનાઓમાં કામ કરતા શ્રમયોગીઓના **સ્વાસ્થ્ય અને સલામતી** માટે વર્ષ ૨૦૨૩માં **કુલ ૧૬,૧૨૨(સોળ હજાર એકસો બાવીસ) તપાસણી કરેલ** છે, જેના પરિણામ સ્વરુપે કારખાના ધારાની જોગવાઈના ભંગ બદલ **૩,૯૦૧ (ત્રણ હજાર નવસો એક) ફોજદારી કેસો** નામદાર કોર્ટમા દાખલ કરવામાં આવેલ છે તે સબબ નામદાર અદાલત દ્વારા **રૂ. ૧.૭૫ કરોડની રકમ** વસૂલ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- તંત્રની **સઘન કામગીરીના** પરિણામે કારખાનામાં થતા **પ્રાણઘાતક અકસ્માતમાં સતત ઘટાડો થયેલ છે**. કારખાનામાં થતા પ્રાણઘાતક **અકસ્માતનો સરેરાશ દર છેલ્લા ૨૦ વર્ષમાં દર ૧,૦૦૦ શ્રમયોગીએ ૦.૧૪ હતો જે ઘટીને વર્ષ ૨૦૨૩માં ૦.૦૯ થયેલ છે.**

માનનીય અધ્યક્ષશ્રી, (બોઇલર પાંખ)

- બોઇલર તંત્રએ રાજયના ઉધોગોના **જાન માલની સલામતી અંગેનું ટેકનીકલ વીંગ** છે. જે રાજયના ઉધોગોના બોઇલરોની સલામતી માટે **સતત જાગૃત, સજાગ અને નવી ટેકનોલોજીથી સજ્જ** રહી વિશ્વસનીય સેવાઓ પુરી પાડે છે.
- સંસ્થાઓનો ઉત્તરોત્તર વધારો થતો હોવા છતાં બોઇલર નિરીક્ષણ તંત્ર દ્વારા રાજયના તમામ ઉધોગોના કાર્યરત **બોઇલરોના નિરીક્ષણ કામગીરીનો ૧૦૦ ટકા લક્ષ્યાંક સિધ્ધ** કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ( રોજગાર અને તાલીમ પાંખ)

- ભારત સરકારના **શ્રમ રોજગાર મંત્રાલય** તરફથી **પ્રકાશિત અહેવાલ** મુજબ **રોજગાર કચેરી** દ્વારા રોજગારી પૂરી પાડવામાં **ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે** છે.
- **ગુજરાત રાજ્યમાં ઉદ્યોગીકરણ** તથા **ઉપલબ્ધ રોજગારીની તકો** તથા સરકારશ્રીના **ઉત્તમ પ્રયત્નોના** કારણે **રાજ્યમાં બેરોજગારી સતત ઓછી રહેલ છે**. ભારત સરકાર દ્વારા **ઓક્ટોબર-૨૦૨૩** માં **પ્રકાશિત થયેલ અહેવાલ** અનુસાર તમામ વયજૂથમાં **ગુજરાતનો બેરોજગારીનો દર ફક્ત ૧.૭ છે.**

માનનીય અધ્યક્ષશ્રી,

- રોજગારવાંચ્છુ ઉમેદવારોને **રોજગારીની યોગ્ય તકો** મળી રહે તે માટે રાજ્યની **રોજગાર કચેરીઓ** મદદરૂપ થાય છે.
- રાજય સરકારના **"હર હાથ કો કામ, હર ખેત કો પાની"** સ્વપ્નને સાકાર કરવા માટે રાજ્યમાં **કુલ ૪૬ રોજગાર કચેરીઓ** દ્વારા રોજગારલક્ષી વિવિધ સેવાઓ આપવામાં આવે છે.

- જેના થકી રોજગાર કચેરીઓ દ્વારા ખાનગી ક્ષેત્રે છેલ્લા ૫ વર્ષ દરમ્યાન ૧૫,૨૧,૯૪૧ (પંદર લાખ એકવીસ હજાર નવસો એકતાલીસ) ઉમેદવારોને તેમજ ચાલુ વર્ષમાં જાન્યુઆરી સુધીમાં ૨,૪૮,૬૭૦ (બે લાખ અડતાલીસ હજાર છસો સીત્તેર) ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે. જે પૈકી ૧,૦૮૬ ભરતીમેળાના આયોજન થકી ૧,૦૮,૧૩૭ ( એક લાખ આઠ હજાર એકસો સાડત્રીસ) ઉમેદવારોની પસંદગી કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- **રાજ્યના યુવાનોને રોજગારી તથા નોકરીદાતાઓને કુશળ માનવબળ ઓનલાઈન** માધ્યમથી પુરૂ પાડી શકાય તે માટે **"અનુબંધમ" વેબ પોર્ટલ** વિકસાવવામાં આવેલ છે. **"અનુબંધમ" પોર્ટલ નોકરીદાતા અને રોજગારવાંચ્છુઓ વચ્ચે સેતુરૂપ કામગીરી કરે છે.**
- આ વેબ પોર્ટલમાં હાલની સ્થિતિએ **3 લાખ થી વધુ ઉમેદવારોની તથા ૪૭,૦૦૦ (સુડતાલીસ હજાર) થી વધુ નોકરીદાતાઓની** નોંધણી થયેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજ્યના યુવાનો **કોલ સેન્ટરના** માધ્યમથી કોઈપણ જિલ્લાની **અભ્યાસલક્ષી, રોજગારલક્ષી** તથા સરકારી યોજનાની માહિતી મેળવી શકે તે માટે **"રોજગાર સેતુ" કોલ સેન્ટર પ્રોજેકટ** અમલમાં મુકેલ છે. **૨,૧૬,૦૦૦ (બે લાખ સોળ હજાર) થી વધુ યુવાનોએ આ સેવાનો લાભ લીધેલ છે.**
- ગુજરાતને **રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટીય કક્ષાએ** કૌશલ્ય વિકાસમા **પ્રથમ હરોળમાં** મુકવા **વર્ષ ૨૦૨૪-૨૫ માં** કૌશલ્ય વિકાસ હેઠળ **રૂ.૫૬૮.૨૯ કરોડની** જોગવાઈ કરેલ છે જેનો મુખ્ય ઉદેશ્ય કૌશલ્ય વિકાસ થકી સરકારી સહાયતા દ્વારા રોજગારની ખાતરી આપવાનો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,** **(કૌશલ્યા ધ સ્કીલ યુનિવર્સીટી)**

- **માન. પ્રધાનમંત્રીશ્રીની દુરંદેશીતાથી રાજયમાં કૌશલ્યા: સ્કીલ યુનિવર્સીટીની સ્થાપના કરવામાં આવેલ છે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

- કૌશલ્યાઃ ધ સ્કીલ યુનિવર્સિટીનુ નવુ કેમ્પસ અમદાવાદમાં શિલજ ખાતે બંધાઈ રહેલ છે. યુનિવર્સિટીના કેમ્પસનો વિકાસ અને અન્ય ખર્ચ માટે રૂ.૭૮.૬૮ કરોડની જોગવાઈ કરેલ છે .
- યુનિવર્સિટી દ્વારા ૦૬ સ્કૂલોની સ્થાપના કરવામાં આવેલ છે. નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ ને અનુરૂપ કુલ ૧૨૦ જેટલા વિવિધ સર્ટિફિકેટ, ડિપ્લોમા, એડવાન્સ ડિપ્લોમા, સ્નાતક અને પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા, પી.એચડી. અભ્યાસક્રમો યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજયમાં માઈક્રોન કંપનીના આગમનથી સેમિકન્ડક્ટર ઉદ્યોગ વિકાસ પામી રહ્યો છે, ત્યારે સેમિકન્ડક્ટર ઉદ્યોગ માટે એક વ્યાપક તાલીમ કેન્દ્રની સ્થાપના કૌશલ્યા ધ સ્કીલ યુનિવર્સિટી ખાતે કરવા અમારી સરકારે માઈક્રોન કંપની સાથે એમઓયુ કરેલ છે.
- આ યુનિવર્સિટીએ ડ્રોન ઉત્પાદન અને તાલીમ માટે "ડ્રોન મંત્રા" લેબોરેટરી વિકસાવેલ છે. આ લેબમાં અત્યાધુનિક મશીનરી અને ટેકનોલોજી સાથે વાસ્તવિક કાર્ય પરિસ્થિતિમાં ડ્રોન ઉત્પાદન અને પ્રોગ્રામિંગની તાલીમ અપાય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- રાજ્યમાં તથા સમગ્ર દેશમાં ડ્રોન પાયલટ માસ્ટર ટ્રેનરની માંગને પહોંચી વળવા તથા ડ્રોન ક્ષેત્રના વિકાસને ધ્યાને લેતા ડ્રોન પાયલટની માંગ ઊભી થયેલ છે, જેમાં આવનારા સમયમાં વધારો થશે.
- ભવિષ્યની માંગને અનુલક્ષીને ડ્રોન પાયલટ ટ્રેનિંગને વેગ આપવા કૌશલ્યા - ધ સ્કીલ યુનિવર્સિટી હેઠળ રિમોટ પાઇલટ ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન ખાતે "ડ્રોન ઇન્સ્ટ્રક્ટર ટ્રેનીંગ સેન્ટર"ની સ્થાપના કરવામાં આવશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સમગ્ર દેશમાં ગુજરાત **<u>ઔધોગીક ક્ષેત્રે</u>** હરણફાળ ભરી રહેલ છે, રાજ્યમાં **<u>કારખાનાની સંખ્યામાં સતત</u>** વધારો થઈ રહેલ છે અને **<u>રાજ્યના યુવાધનને કૌશલ્ય વિકાસની</u>** યથાર્થ તકો ઉપલબ્ધ થવાથી  પરિણામ સ્વરુપે **<u>રોજગારીની નવી તકોનું સર્જન થઈ રહેલ છે</u>**

આમ વર્ષ ૨૦૨૪-૨૫ માટે શ્રમ અને **<u>રોજગાર વિભાગ માટેની માંગણી નંબર - ૫૭  મંજુર કરવા</u>** સભાગૃહને હું વિનંતી કરૂ છું.